જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા
સલાહકાર સમિતિની રચના તથા બંધારણ બાબત.

ગુજરાત સરકાર
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નો વિભાગ
ઠરાવ ક્રમાંક: જનસ/૧૪૯૮/૨૧૪૯/ઈ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૩૧/૩/૨૦૦૦

વંચાણે લીધા :-

(૧) અન્ન અને ના.પુ. વિભાગના ઠરાવ ક: જનસ/૧૦૮૮/ ૨૯૭૨/ઈ
તારીખ: ૧૮/૬/૮૮

(૨) અન્ન અને ના.પુ. વિભાગના ઠરાવ ક: જનસ/૧૦૮૮/ ૨૯૭૨/ઈ
તારીખ: ૨૪/૪/૯૦

(૩) અન્ન અને ના.પુ. વિ.ના ઠરાવ ક્રમાંક: જનસ/૧૦૮૮/૨૯૭૨/ઈ
તારીખ: ૨/૩/૯૩

(૪) અન્ન.ના.પુ. અને ગ્રા.બા.વિ.ના ઠરાવ ક: જનસ/૧૪૯૮/૨૧૪૯/ઈ
તારીખ: ૨૨/૧૨/૯૮.

(૫) અન્ન.ના.પુ અને ગ્રા.બા.ના વિભાગના ઠરાવ ક: જનસ/૧૦૮૮/
/૨૯૭૨/ઈ તા: ૩/૩/૨૦૦૦

જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની રચના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ઉપરોકત તારીખ: ૧૮/૬/૮૮ ના ઠરાવથી થઈ છે. તે ઠરાવમાં વખતો વખત ઘણા સુધારા- વધારા થયેલ હોઈ આ તમામ સુધારા વધારા સાથે નવેસરથી સ્વયં સંપૂર્ણ ઠરાવ બહાર પાડવાની બાબત વિચારણા હેઠળ હતી. વિચારણાને અંતે આ અંગે વખતોવખત કરવામાં આવેલા ઠરાવો/પરિપત્રો રદ કરી સંકલિત સ્વરૂપે ઠરાવ બહાર પાડવામાં આવે છે. આ સમિતિના બંધારણ, રચના કાર્યક્ષેત્ર વગેરે નીચે પ્રમાણે મુકરર કરવામાં આવે છે.

## સમિતિનું બંધારણ

(ક) સમિતિનું નામ :- આ ઠરાવ અન્વયે રચવામાં આવતી સમિતિને જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ કહેવી.

(ખ) સમિતિના અધ્યક્ષ: જિલ્લા કલેકટરશ્રી આ સમિતિના અધ્યક્ષ તરીકે રહેશે.

(ગ) સમિતિના બિનસરકારી સભ્યો :-

(૧) જિલ્લાના તમામ ધારાસભ્યશ્રીઓ/ લોકસભા/ રાજ્યસભાના સભ્યશ્રીઓ

(૨) જિલ્લા પંચાયતના અધ્યક્ષશ્રી

(૩) જિલ્લાના ન્યાય સમિતિના અધ્યક્ષશ્રી

(૪) જિલ્લામાં આવેલ દરેક મ્યુનિસિપલ કોર્પોરેશનના એક એક પ્રતિનિધિ.

(૫) જિલ્લામાં આવેલ દરેક મ્યુનિસિપાલીટીના ( બ્યુરો મ્યુનિસિપાલીટી સહિત ) એક પ્રતિનિધિ.

(૬) જિલ્લાના અગ્રગણ્ય નાગરિકોમાંથી ૪ (ચાર) પ્રતિનિધિઓ, તેમાં શકય હોય તો લઘુમતી કોમના એક પ્રતિનિધિનો સમાવેશ કરવો. ઉપરાંત બનાસકાંઠા, પંચમહાલ, વડોદરા, ભરુચ, સુરત, વલસાડ અને ડાંગ જિલ્લાઓમાં આદિવાસીઓના વધારાના એક પ્રતિનિધિ.

(૭) જિલ્લામાં કામ કરતાં યુવક મંડળોમાંથી એક પ્રતિનિધિ.

(૮) જિલ્લામાં આવેલ કન્ઝયુમર્સ કો. ઓપરેટીવ સોસાયટીના એક પ્રતિનિધિ

(૯) જિલ્લામાં આવેલી વ્યાજબી ભાવની દુકાનોના ડીલર્સના એક પ્રતિનિધિ.

(૧૦) જિલ્લાના માન્ય ગ્રાહક સુરક્ષા મંડળના એક પ્રતિનિધિ .

શહેરી વિસ્તારમાં કાર્યક્ષેત્ર ધરાવતા માન્ય ગ્રાહક સુરક્ષા મંડળોના પ્રતિનિધિઓને શહેરની નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિમાં નિમણુંક આપી શકાશે. તેથી જિલ્લાની નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિમાં જિલ્લાના બીજા શહેરોમાં આવેલા માન્ય ગ્રાહક સુરક્ષા મંડળોમાંથી ગમે તે એક ગ્રાહકસુરક્ષા મંડળના પ્રતિનિધિને નિમણુંક આપવી.

(૧૧) જિલ્લામાં કાર્યક્ષેત્ર ધરાવતા વેપારી મહામંડળ ( ચેમ્બર ઓફ કોમર્સ) ના એક પ્રતિનિધિ અને તેને સંલગ્ન મંડળીના બીજા ચાર પ્રતિનિધિઓ કે જેઓ પુરવઠાની પરિસ્થિતિ મુજબ જે ચીજવસ્તુ અંગે મુશ્કેલી હોય તેઓના વેપાર સાથે સંકળાયેલ હોય તેમાંથી ચેમ્બર ઓફ કોમર્સ પસંદ કરે તેજે વેપારી મંડળો માત્ર શહેર વિસ્તાર પુરતા જ કાર્યક્ષેત્ર ધરાવતા હોય તેમને શહેર નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિમાં નિમણુંક આપવાની હોવાથી જિલ્લાની સમિતિમા તે સિવાયના વેપારી મંડળોના પ્રતિનિધિઓની નિયુકિત કરવી નહિ.